


# હૂંફભરી સારવાર માટે વેલનોન, વડોદરાની વેલકેર હોસ્પિટલ


કોઈ શહેર વિશે વાત કરીએ તો એમ પુછીએ કે તમે ત્યાં મ્યુઝિયમ જોયું? પેલી નવી હોટેલ જોઈ? લેક તો કેવું સરસ છે નહીં? અરે, તમે મોલ જોયો કે નહીં? પરંતુ વડોદરામાં એક એવી હોસ્પિટલ છે જે શહેરની ઓળખ પૈકી એક ઓળખ બની રહી છે. ભલે કોઈને એમ ક્યારેય કહેવાય કે પુછાય નહીં કે હોસ્પિટલ જોઈ? પરંતુ જો ખરેખર ઉમદા, ઉત્કૃષ્ઠ અને ઉત્તમ સારવારની જરૂર કોઈને હોય તો ચોક્કસ એમ કહી શકાય કે વડોદરાની વેલકેર હોસ્પિટલમાં તમે જજો હો. અરે મેડીકલ ટુરીઝમના કન્સેપ્ટથી વિચારીએ તો પણ આ એક સંપૂર્ણ હોસ્પિટલ છે. અત્યાર સુધી આપણે ઈંગ્લીશ ફિલ્મોમાં આધુનિક અને સુવિધાપૂર્ણ હોસ્પિટલ્સ જોઈ છે એવી હોસ્પિટલ જો કોઈને કહેવી હોય તો એ વડોદરાની વેલકેર હોસ્પિટલ કહી શકાય. એવું તે શું છે આ હોસ્પિટલમાં? ૧૯૯૯ માં એની શરૂઆત તો નાની સંસ્થા તરીકે થઈ હતી પરંતુ વેલકેરના ડાયરેકટર અને જાણીતા ચીફ જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન ડૉ. ભરત મોદીની કુનેહ, ધગશ અને કૌશલ્યથી આજે વેલકેર હોસ્પિટલ કાળજી માટે વેલનોન બની ચૂકી છે. તબીબી વિજ્ઞાનની અદ્યતન સુવિધા, આધુનિક સવલતો સાથે જ એક તબીબી સંકુલને જરૂરી અન્ય બાબતોની એમાં ચીવટપૂર્વક કાળજી લેવાય છે.



**અદ્યતન ઓપરેશન થિયેટર**

ઓર્થોપેડીક સર્જરી અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ ક્ષેત્રે ડૉ. ભરત મોદીએ ગુજરાત અને ભારતનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે ગૂંજતું કર્યુ એવું કહેવામાં અતિરેક નથી. ઈંગ્લેડથી એમણે સુપર સ્પેશ્યાલીટીની ડીગ્રી એમ.સી.એચ. પ્રાપ્ત કર્યા બાદ હાર્વર્ડ યુનિવર્સિટીની ફેલોશિપ પણ મેળવી છે. ૨૦૧૪-૧૫ માટે ડૉ. ભરત મોદીની પસંદગી આર્થ્રોપ્લાસ્ટી એસોસિએશનના પ્રેસિડન્ટ તરીકે પણ કરવામાં આવી છે. જો કે આ બધી અંગત સિધ્ધિઓ કરતાં પણ એમની મહત્વની સિધ્ધિ અને યોગદાન તો વેલકેર હોસ્પિટલ છે કે જેમાં એમની કુશળતા ઉપરાંત દર્દીઓની સારવાર કરવાના એમના વિચારોનું ગૂંથન થયું છે. હોસ્પિટલના નવાં બિલ્ડીંગનું નિર્માણ આંતરરાષ્ટ્રીય સ્તરની આધુનિક ટેકનોલોજીથી કરાયું છે. ગુજરાતની સાંસ્કૃતિકનગરી વડોદરાના આટલાદરા વિસ્તારમાં ૪ એકરની વિશાળા જગ્યામાં સ્થાપિત વેલકેર હોસ્પિટલમાં દર્દીઓને એક સારૂ વાતાવરણ મળે એ માટે દરેક પાસાને અભ્યાસપૂર્વક સ્થાપિત કરાયાં છે.

ગુજરાતમાં ૨૦૦૯ ના વર્ષમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટ યોજાઈ ત્યારે રાજ્ય આરોગ્ય મંત્રાલયે ડૉ. ભરત મોદીને પણ નિમંત્રણ આપ્યું હતું. આવી અદ્યતન હોસ્પિટલના નિર્માણ દ્વારા રાજ્યના તબીબી ક્ષેત્રના વિકાસને વેગ મળ્યો.



મેઈન રીસેપ્શન લોબી

**જીવાણું રહિત વાતાવરણ :** કોઈ પણ દર્દની સારવાર કે ઓપરેશન સફળ થાય એટલે ડૉક્ટરની જવાબદારી પૂર્ણ એવું નથી. સફળ સર્જરી માટે સુસજ્જ ડૉક્ટર તો મહત્વનું પરિબળ છે જ, પરંતુ હોસ્પિટલમાં ઈનફેક્શનનું પ્રમાણ નહીંવત હોય એ પણ જરૂરી છે. ઓપરેશન કે સારવાર દરમ્યાન કે પછી જો દર્દીને કોઈ ચેપ લાગે તો સારવારમાં ખામી રહી જાય છે. અને આ ચેપ એટલે કે ઈનફેક્શન ક્યાંથી કેમ લાગી જાય એ કંઈ નક્કી નહીં, એને નિયંત્રણમાં લેવું ખૂબ અઘરૂ. વેલકેરમાં આ બાબતની ખુબ કાળજી લેવાય છે. ઓપરેશન થિયેટરના ઉપકરણો ઈટલીથી ખાસ આયાત કરાયા છે. ઓપરેશન થિયેટરની દીવાલોની રચના એવી કરવામાં આવી છે કે કોઈ કીટાણું-જીવાણું એને અડે કે તરત એનો નાશ થાય. દરવાજા ખુલ-બંધ થાય અને એમાં કોઈનો હાથ અડે તો પણ ઈનફેક્શન ફેલાઈ શકે આ શક્યતા ટાળવા ઓપરેશન થિયેટરના દરવાજા ઓટોમેટીક સેન્સર દ્વારા સંચાલિત રખાયા છે, અને જર્મન ટેકનોલોજીથી બનાવાયા છે.



ઓપીડી એરીયા

હોસ્પિટલમાં જે એરકંડીશનર્સ મુકાયા છે એ પણ એચ.વી.એ.સી. સિસ્ટમના છે. જેથી સાવ ઝીણા-સૂક્ષ્મ જીવાણુંની પણ અસર દર્દીને કે એમના સગાને થતી નથી.

**સ્માર્ટ લાઈટ :** આ તો થઈ બેકટેરીયા મુકત ઓપરેશન થિયેટરની વાત પરંતુ ઓપરેશન દરમ્યાન જે પ્રકાશ હોય એની પણ ઘણી જરૂર હોય છે. શરીરનો કોઈ ભાગ સર્જરી માટે ખોલવામાં આવે ત્યારે એની અંદરના હિસ્સા, એના દરેક કોશ પણ સ્પષ્ટ જોઈ શકાય એવી લાઈટ હોવી જરૂરી છે. ડૉક્ટરનું શરીર લાઈટ અને દર્દીના શરીરની વચ્ચે આવે તો એના પડછાયાને લીધે કંઈક જોવામાં તકલીફ પડે છે. એ સમસ્યાને ધ્યાને રાખીને ઓપરેશન થિયેટરમાં સ્માર્ટ લાઈટનો ઉપયોગ કરાયો છે. લાઈટની અંદર સેન્સર હોય છે, એની મદદથી બીજા ખુણાંને એ વધારે ઉજાસ આપી દે છે. પરીણામે ડૉક્ટરના શરીરનો પડછાયો કે અંધારું પડતા નથી અને ઓપરેશન દરમ્યાન ખલેલ નથી પડતી.

**અદ્યતન આઈ.સી.યુ. :** વેલકેર હોસ્પિટલની ક્ષમતા ૧૧૦ બેડની છે એમાં ઈન્ટેન્સીવ કેર યુનિટ પણ છે, ૧૬ બેડનું આ આઈ.સી.યુ. અદ્યતન સુવિધા ધરાવે છે. વળી ૨ બેડ તો આઈસોલેટેડ છે. એટલે કોઈપણ વ્યકિત આસ પાસ પ્રવેશે તો ય એના જર્મ્સ દર્દીને લાગતા નથી એની દિવાલો કાચની હોય છે. તો પછી શ્વાચ્છોશ્વાસનું શું? એ બેડમાં એવું વેન્ટીલેટર હોય છે જેનાથી દર્દીના શ્વાસ સીધા જ હોસ્પિટલની બહાર જાય છે. દર્દીને જો ઉઠવા બેસવાની તકલીફ હોય કે પછી એની સ્થિતિ એવી નબળી હોય કે એ હલન-ચલન કરી શકે એમ ન હોય તો દવા કે ખાદ્ય-પેય પદાર્થો એમણે સૂતા સૂતા લેવા પડે છે. હવે જો એ સ્થિતિમાં દવા કે જ્યુસ અન્નનળીના બદલે શ્વાસનળીમાં જતા રહે તો જીવલેણ સાબિત થઈ શકે. આવું ન બને એ માટે હોસ્પિટલમાં ખાસ અમેરીકાથી મંગાવાયેલા ઈલેક્ટ્રીક બેડ વસાવવામાં આવ્યાં છે. ૯૦ ડીગ્રી સુધી એ સરળતાથી વળી શકે છે. અને એના સંચાલન માટે પણ રિમોટ કન્ટ્રોલ છે. બટન દબાવીએ એટલે બેડ બની જાય ચેર!! દર્દીને શ્રમ કરવો પડતો નથી અને એક ને એક અવસ્થામાં લાંબો સમય પડ્યા રહેવું પડતું નથી. જ્યારે દર્દી



આઈ સી યુ



**સ્કાઈ કાફેટએરીયા**

લાંબો સમય બેડમાં સૂતા રહે ત્યારે પીઠમાં ઘારા પડી જાય છે એને બેડસોર કહેવાય છે. આવું ન થાય એટલા માટે સ્વીત્ઝર્લેન્ડથી મેમરી ફોમ મેટ્રેસ મંગાવાઈ છે. જેને લીધે શરીરના દરેક ભાગમાં લોહીનું પરિભ્રમણ સરખું થાય છે. શરીરનું તાપમાન પણ જળવાય છે. એટલે લાંબો સમય સીધા સૂતા રહેવા છતાં લોહી જામતું નથી.

**આઈ.સી.યુ., પણ લાગે નહીં એકલવાયું :** કોઈ પણ હોસ્પિટલમાં આઈ સી યુ ચાર દિવાલમાં બંધ હોય છે એટલે દર્દીને અંદર ઘૂંટન અને એકલતા મહેસુસ થાય છે એમ લાગે કે જાણે બહારની દુનિયાથી પોતે અલગ થઈ ગયા છે અને દિવસ



**સ્યુટ રૂમ**

રાત્રિનો ભેદ પણ ખબર રહેતો નથી એ સ્થિતિમાં કેટલીકવાર દર્દી માનસિક સ્થિતિ ખોરવી બેસે છે. એક તો બિમાર હોય અને એમાં પણ ભાંગી પડે તો સ્વાસ્થ્ય વધારે બગડે છે. આ પરિસ્થિતિને આઈ સી યુ સિન્ડ્રોમ તરીકે ઓળખવામાં આવે છે. વેલકેર હોસ્પિટલમાં આઈ સી યુની દિવાલ કાચની રખાયેલ છે, બહારની આબોહવા દર્દી પોતાના બેડ પર સૂતા કે બેઠા બેઠા માણી શકે છે અને એકાંતમાં હોય એવું લાગતું નથી.

તમામ સુવિધા હોય, યંત્રોથી બધુજ સારી રીતે ચાલતું હોય પરંતુ હોસ્પિટલનું ચાલકબળ એનો મેનપાવર તો ખરોને? એમાય નર્સિંગ સ્ટાફ તો સૌથી અગત્યની કડી છે. ક્યારેક કોઈ ઈમરજન્સી કે સામાન્ય સ્થિતિમાં પણ નર્સને દર્દીના સગા બોલાવવા ઈચ્છે તો શુ? આમ તો જઈ ને બોલાવી આવે કે રીસેપ્શનમાં કહેવરાવે એટલે નર્સ આવી જાય. પરંતુ વેલકેર હોસ્પિટલમાં ડ્રેસીંગ, દર્દીને પેશાબ કે જાજરું જવા માટે નર્સની જરૂર પડે તો દરેક રૂમ ઉપરાંત બાથરૂમમાં પણ ઈમરજન્સી કોલની સિસ્ટમ ઉપલબ્ધ છે. હવે જો દર્દી મદદ માટે બટન દબાવે અને નર્સ કોઈ સંજોગોમાં પહોંચી ન શકે તો ત્રણ જ મિનિટમાં એ



**ઈલેક્ટ્રીક બેડ**

સંદેશ હોસ્પિટલના મેનેજમેન્ટ સુધી પહોંચી જાય છે. અને નર્સ હેડને કોલ એટેન્ડ કરવા તરત સંદેશ મળે છે. દર્દીની સંભાળ ફક્ત ડૉકટર્સ, નર્સ જ નહીં હોસ્પિટલનું મેનેજમેન્ટ પોતે પણ લે છે. વેલકેર હોસ્પિટલ માટે એમ કહી શકાય કે એ દર્દી નારાયણ માટેનું ધર્મ સ્થાન છે. ડૉ. ભરત મોદી એવી અદ્યતન હોસ્પિટલનું નિર્માણ કર્યા પછી કહે છે કે વડોદરામાં આ કરવા પાછળનું કારણ એ કે વડોદરા તમામ રીતે દર્દીઓને પરવડે એવું શહેર છે. આર્થિક રીતે અહીં સાનુકૂળતા છે મુંબઈ અને અમદાવાદ જેવાં મેટ્રો સીટી કરતા આ સસ્તું શહેર છે.



**નર્સિંગ સ્ટેશન**

હોસ્પિટલની અન્ય સુવિધાઓની વાત કરીએ તો અહીં જે રૂમ્સ છે એ હોસ્પિટલના છે કે હોટેલના છે એ નક્કી કરવું અઘરું પડે એવા સુવિધાપૂર્ણ રૂમ્સ છે. દર્દીની સાથે આવેલા સગાઓ




**આઈ.એ.એ. ની કોન્ફરન્સનું દિપ પ્રાગટ્ય કરીને ઉદ્ઘાટન કરી રહેલા ડો.ભરત મોદી**

પણ આરામપૂર્વક રહી શકે એવા રૂમ્સ છે. વિદેશથી આવેલા દર્દીના સગાઓએ હોટેલમાં અલગથી રહેવા જવું ન પડે એવાં રૂમ્સ અહીં બનાવાયા છે. આખા કેમ્પસમાં વાઈ-ફાઈ સિસ્ટમ છે એટલે ઈન્ટરનેટ દ્વારા દર્દી કે એના સગા વિશ્વ સાથે જોડાય શકે છે. એવી રીતે આખી રચના કરાય છે કે દર્દીને લાગે જ નહીં કે પોતે હોસ્પિટલમાં છે. હવે આટલી બધી વાત કર્યા પછી એવો પ્રશ્ન થાય કે તો તો સારવાર કેટલી મોંઘી હશે? પ્રથમ તો એ કે માણસની જીંદગીનું વળી આર્થિક મૂલ્ય કેવું? જાન બચી તો લાખો પાયે. પરંતુ મધ્યમવર્ગના દર્દીઓની આર્થિક સ્થિતિને ખ્યાલમાં રાખી ડૉ. ભરત મોદીએ ફી અને અન્ય ચાર્જીસનું માળખું પણ એવું રાખ્યું છે કે વેલકેરમાં આવેલા કોઈ દર્દી સારવાર વગર પરત ના જાય. સામાન્ય વર્ગને પરવડે એવા દર રખાયેલ છે. લેબોરેટરી, રેડીયોલોજી વિભાગ, ઈમરજન્સી વિભાગ વગેરેની રચના પણ આધુનિકતા સાથે સવલતો અને તબીબી દષ્ટિકોણથી જે અનિવાર્ય હોય એ તમામ બાબતોનું ધ્યાન રખાયું છે. માનવામાં ન આવે એવી વાત છે પરંતુ બિમાર ન હોય એ લોકો પણ આ વેલકેર હોસ્પિટલ જોવા માટે ખાસ ત્યાં પહોંચે છે.

વેલકેર હોસ્પિટલ ખરેખર એનું નામ સાર્થક કરતી હોસ્પિટલ છે અને ત્યાં એવી રીતે કેર લેવાય છે કે દર્દીને એમ જ લાગે કે પોતે ઘરે છે. અને અહીંથી એ જલ્દી સાજો થઈને ઘરે પણ જાય છે.

**Welcare Hospital**

we care

Near Miles Motors, Atladara - Vadsar Road, Atladara,
Vadodara. 390012 Gujarat, India.
Phone : +91-265-233 7172, 235 3670 Fax : +91-265-6623670
For International Patient Inquiries : +91-9327469784
Email : centreforkneesurgery@gmail.com
Visit us - www.welcarehospital.co.in